પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૪૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૬-૨૦૨૩ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ગુજરાતમાં બદલાયેલા વાતાવરણ વચ્ચે આજે સવારથી અમદાવાદ શહેરમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો





અમદાવાદ,

ગુજરાતમાં બદલાયેલા વાતાવરણ વચ્ચે આજે સવારથી અમદાવાદ શહેરમાં ભારે પવન સાથે વરસાદ ખાબક્યો છે. જેના પગલે સાબરમતી નદીના ભારે પવનના લીધે કરંટ જોવા મળ્યો હતો.અમદાવાદ શહેરમાં સવારે અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો છે જો કે બપોર બાદ વરસાદ થયો ન હતો અમદાવાદ શહેરમાં ગઈકાલ રાતથી ભારે ઉકળાટ બાદ આજે વહેલી સવારે અસહય બફારો પણ હતો. જેના પગલે વહેલી સવારે વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદની શરૂઆત થઈ હતી. શહેરમાં ભારે પવન સાથે વરસાદ પડતાં એસ.જી. હાઈવે પર બેરીકેડ પડી ગયા છે. તેમજ તેના લીધે ગાંધીનગર તરફ જતો રસ્તો બંધ થયો છે. આ ઉપરાંત શહેરના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના પગલે ઝાડ પર પડી ગયા છે. તેમજ અનેક સ્થળો પર બોર્ડ પર હવામાં ફંગોળાયા છે. જેમાં શહેરમાં ભારે પવન સાથે વરસાદ પડતાં એસ.જી. હાઈવે પર બેરીકેડ પડી ગયા છે. તેમજ તેના લીધે ગાંધીનગર તરફ જતો રસ્તો બંધ થયો છે. આ ઉપરાંત શહેરના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના પગલે ઝાડ પર પડી ગયા છે. તેમજ અનેક સ્થળો પર બોર્ડ પર હવામાં ફંગોળાયા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર રવિવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યું હતુ. જ્યારે ન્યુનતમ તાપમાન ૨૯ ડિગ્રી રહ્યું. જો વાત અમરેલી જિલ્લાની કરીએ તો આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી અને ન્યૂનતમ તાપમાન ૨૭ ડિગ્રી રહેશે. જ્યારે ભેજવાળુ વાતાવરણ ૪૪ ટકા રહ્યું. આણંદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહેશે. જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૯ ડિગ્રી રહ્યું હતું અરવલ્લી જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી રહેશે જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૮ ડિગ્રી તો બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી,ભરુચમાં મહત્તમ તાપમાન ૩૯ જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૯ ડિગ્રી અને ભાવનગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૭ જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૯ રહ્યું છે આ ઉપરાંત બોટાદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૮ ડિગ્રી તો બીજી તરફ છોટાઉદેપુરમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૭ ડિગ્રી અને દાહોદ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી જ્યારે ન્યૂનતમ તાપમાન ૨૭ ડિગ્રી રહ્યું હતું.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સાથે જમ્મુ અને તેની આસપાસ સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે. જેના કારણે દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. આ બન્ને સિસ્ટમની અસર અમદાવાદ સહિત રાજયના અનેક વિસ્તારોમાં જોવા મળશે. વાદળછાયા વાતાવરણ સાથે કેટલીક જગ્યાએ વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

રાજ્યમાં આગામી ચોવીસ કલાક ભારે વરસાદની આગાહિ કરવામાં આવી છે. રાજ્યમાં ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવા સાથે ધોધમાર વરસાદની શક્યતા છે. જેમાં અમદાવાદ, ભાવનગર, અમરેલી અને બનાસકાંઠાની સાથે દક્ષિણ ગુજરાતના નર્મદા અને તાપીમાં પણ આગામી દિવસમાં ભારે વરસાદ વરસવાની શક્યતા છે.સાબરકાંઠા જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ સાબરકાંઠા જિલ્લામાં ભારે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ ભારે પવન ફૂંકાવા સાથે વરસાદ વરસ્યો હતો. હિંમતનગર શહેરમાં કાંકણોલ, હડિયોલ, બળવંતપુરા, બેરણામાં વરસાદ વરસ્યો હતો કમોસમી વરસાદ વરસતા હિંમતનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં વીજપુરવઠો ખોરવાયો છે. તો બીજી તર આજે વહેલી સવારથી બનાસકાંઠા જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને વહેલી સવારથી જ અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ માહોલ જોવા મળ્યો છે. સવારે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લામાં મોડાસાના દઘાલીયા, ઈસરોલ, ટીંટોઈ, સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. માલપુર અને મેઘરજ પંથકમાં પણ વરસાદનો વાતાવરણ જોવા મળ્યુ છે.આજે વહેલી સવારથી જ મહેસાણા પંથકમાં વરસાદ વરસ્યો હતો વહેલી સવારે ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડતા છાપરા ઉડયા હતાં ખેડા જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. જેમાં ખેડા જિલ્લાના ઠાસરા, ગળતેશ્વર, માતર, કપડવંજ, કઠલાલ, નડિયાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. યાત્રાધામ ડાકોરમાં ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં. આજે પૂનમ હોવાથી યાત્રાધામ ડાકોરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી જેમાં વરસાદ વરસતા દર્શનાર્થે આવતા યાત્રાળુઓમાં દોડધામ મચી છે. જ્યારે દર્શનાર્થે આવતા યાત્રાળુઓના પગરખા પાણીમાં તરતા દેખાયા છે. જ્યારે સામાન્ય વરસાદ વરસતા યાત્રાધામ ડાકોર નગરપાલિકાની પ્રિમોન્સૂન પ્લાનની પોલ ખુલી ગઈ છે.

આજે વહેલી સવારથી જ અરવલ્લી જિલ્લામાં વરસાદી માહોલ માહોલ જોવા મળ્યો છે. સવારે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. અરવલ્લી જિલ્લામાં મોડાસાના દઘાલીયા, ઈસરોલ, ટીંટોઈ, સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. માલપુર અને મેઘરજ પંથકમાં પણ વરસાદ બનાસકાંઠા પંથકમાં વરસાદ વરસ્યો છે. બનાસકાંઠા જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે. તો જિલ્લાના પાલનપુર, અમીરગઢ, દાંતામાં છવાયો વરસાદી માહોલ જોવા મળ્યો છે. ડીસા, વડગામ સહિત અલગ અલગ જગ્યાએ પણ ભારે પવન સાથે વરસાદ ખાબક્યો છે. ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસતા ખેતરમાં બાજરીનો ઉભો પાક પાલળી જતા પાકને નુકસાન થયુ છે.

નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર, ભદામ, શહેરાવ, ટંકારી, તોરણા સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો છે. જેમાં વીજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. જેના પગલે ગ્રામીણ વિસ્તારોમાં પાકને નુકશાન પહોંચ્યું છે.આ ઉપરાંત ખેડા જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. જેમાં ખેડા જિલ્લાના ઠાસરા, ગળતેશ્વર, માતર, કપડવંજ, કઠલાલ, નડિયાદ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે.

## બાલાસોર ટ્રેન દુર્ઘટનાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, કવચ સિસ્ટમ લાગુ કરવા કરી માગ

નવીદિલ્હી,

ઓડિશા ટ્રેન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૮૮ લોકોના મોત થયા છે. ઘાયલોને સારવાર આપવામાં આવી રહી છે. રેલ્વે મંત્રી શનિવારે ઘટના સ્થળે પહોંચ્યા હતા. રાહત કાર્યની સમીક્ષા કરી હતી. અધિકારીઓ સાથે વાત કર્યા બાદ બચાવ કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. પીએમ મોદીએ પણ ઓડિશાની મુલાકાત લીધી હતી. તેઓ ઘાયલોને મળવા હોસ્પિટલ પહોંચ્યા. હવે આ દર્દનાક અકસ્માત કેસ પર સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે.શુક્રવારે સાંજે બનેલી આ ઘટનાએ આખી દુનિયાને ચોંકાવી દીધી છે. આ દુર્ઘટના પર ઘણા દેશોના રાષ્ટ્રપતિએ શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ ગઈકાલે કડક સ્વરમાં કહ્યું હતું કે આ ઘટનાઓમાં દોષિતોને બક્ષવામાં નહીં આવે. આ ઘટના માટે જવાબદાર લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. ઘટનાના કારણો પણ જાણવા મળ્યા છે. રેલ્વે મુસાફરોની સલામતી માટે કવચ પધ્ધતિનો તાત્કાલિક અમલ કરવા માટે સુપ્રિમ કોર્ટને સુચના જારી કરવા માગ કરવામાં આવી છે. અરજદારે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી છે કે રેલ મુસાફરીને ૧૦૦% સુરક્ષિત બનાવવા કેન્દ્ર સરકારને યોગ્ય આદેશો આપે. સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ અરજી દાખલ કરી છે. તમને જણાવી દઈએ કે આ માર્ગ પર કવચ સિસ્ટમ સક્રિય નહોતી. જો આ સિસ્ટમ સક્રિય હોત તો અકસ્માત ટાળી શકાયો હોત. અત્યાર સુધી તે માત્ર કેટલાક રૂટ પર જ લગાવવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટની અરજીમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને તમામ રૂટ પર વહેલી તકે તેને ઠીક કરવા જણાવવું જોઈએ જેથી કરીને મુસાફરોના જીવને કોઈ ખતરો ન રહે. રેલવે મંત્રી હજુ પણ ઓડિશામાં છે. આજે તે ફરી ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેઓ અહીં સતત નજર રાખી રહ્યા છે. એક દિવસ પહેલા તેમણે કહ્યું હતું કે આ રાજકારણનો સમય નથી. આપણે દરેક જીવને કોઈપણ રીતે બચાવવાનું છે. રેલવે મંત્રીએ કહ્યું હતું કે હું ક્યાંય જઈશ નહીં. હું અહીં જ રહીશ હકીકતમાં તેમના રાજીનામાની માગ કરવામાં આવી હતી. તેના પર તેમણે કહ્યું કે આ સમયે સૌથી જરૂરી છે કે આપણે બચાવ પર ધ્યાન આપીએ. તે શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ થવું જોઈએ. તેમણે કહ્યું હતું કે દરેક જીવન આપણા માટે કોઈપણ કિંમતે મહત્વપૂર્ણ છે. તેમને સાચવવું એ પ્રાથમિકતા છે. પીએમ મોદીએ સ્વાસ્થ્ય મંત્રીને સૂચના આપી છે કે તેઓ ઘાયલોની સારવારમાં કોઈ કમી ન આવવા દે.




# દાહોદ જીલ્લા અને શહેરમાં કમોસમી વરસાદથી ગરમી અને બફાટથી રાહત

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં આજરોજ વહેલી સવારના સમયે મેઘરાજાની પધરામણી થઈ હતી. વહેલી સવારે વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનના સુસવાટા સાથે ઝરમર ઝરમર વરસાદ પડ્યો હતો ત્યારે ઘણા સમયથી અસહ્ય ગરમી તેમજ બફારાથી લોકોને મહદઅંશે રાહત મળી હતી.

છેલ્લા ઘણા દિવસોથી દાહોદ જીલ્લામાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. વર્ષાઋતુનો પ્રારંભ થાય તે પહેલા જીલ્લામાં અમી છાંટાઓ પડતા હતા અને સાથે સાથે પવનના સુસવાટા પણ આવતાં હતાં ત્યારે આજરોજ વહેલી સવારના સમયે વાદળછાયા વાતવરણ, પવનના સુસવાટા વચ્ચે વીજળીના કડાકા ધડાકા સાથે મેઘરાજાની વિધીવત રીતે પધરામણી થઈ હોય તેમ લાગ્યું હતું. શહેરના રસ્તાઓ વરસાદી પાણીની છવાઈ ગયાં હતાં. ઝરમર ઝરમર વરસાદ વરસતો રહ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી લોકોને મહદ અંશે રાહત મળી હતી. વર્ષાઋતુ લગભગ ૨૫ તારીખ બાદ શરૂ થવાની હવામાન વિભાગની આગાહી પ્રમાણે જાણવા મળ્યું છે ત્યારે આ વર્ષે વરસાદ કેવો રહેશે તેની પર સૌની નજર મીંડરાયેલી છે.

# દાહોદના મોટી મહુડી ગામે બાઈક ઉપર જતાં દંપતિને લુટારૂઓએ રોકી મારમારી દાગીનાની લુંટ ચલાવી દંપતિ પૈકી પત્નીનું મોત નિપજાવ્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લાના મોટી મહુડી ગામે એક દંપતિ મોટરસાઈકલ પર સવાર થઈ પોતાના ઘરે જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં કેટલાંક લુંટારૂઓએ દંપતિને રોકી ઢોર માર માર્યા બાદ દંપતિ પાસેથી સોના,ચાંદીના દાગીનાની લુંટ ચલાવી દંપતિ પૈકી પત્નિને લુંટારૂઓએ મોતને ઘાટ ઉતારી ફરાર થઈ જતાં પંથક સહિત જીલ્લામાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે તાબડતોડ દોડી ગયેલ પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી આરોપી લુંટારૂઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

દાહોદ જીલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી મર્ડરની ઘટનાઓ સામે આવી રહી છે. બે દિવસની અંદર લગભગ પાંચ લોકોના મર્ડર થયાંનું સામે આવી રહ્યું છે. ત્યારે લુંટ વીથ મર્ડરની વધુ એક ઘટના સામે આવી છે, જેમાં ઝાલોદ તાલુકાના મોટી મહુડી ગામેથી એક મોટરસાઈકલ પર સવાર થઈ સાંજના સમયે ઝાલોદ તાલુકાના ધોળા ખાખરા ગામે રહેતાં શૈલેષભાઈ ડામોર તથા તેમની પત્નિ લલીતાબેન બંન્ને જણા પોતાના ઘરે જઈ રહ્યાં હતાં. તે સમયે રસ્તામાં કેટલાંક લુંટારૂઓએ દંપતિને રોકી માર મારવા લાગ્યાં હતાં અને દંપતિ પાસેથી સોના, ચાંદીના દાગીનાની લુંટ કરી હતી ત્યારે દંપતિ પૈકી લલીતાબેનને લુંટારૂઓએ મોતને ઘાટ ઉતારી દીધી હતી. ઘટનાની જાણ સ્થાનીક ગ્રામજનો તેમજ દંપતિના પરિવારજનોને થતાં તમામ ઘટના સ્થળે દોડી ગયાં હતા. જ્યાં ગંભીર ઈજાગ્રસ્ત દંપતિને પ્રથમ લીમડીના હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યાં હતાં જ્યાં બંન્નેની તબીયત નાજુક હોવાને કારણે સ્થાનીક હોસ્પિટલના તબીબો દ્વારા વધુ સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવાનું કહેતાં પરિવારજનો દ્વારા દંપતિને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવ્યાં હતાં જ્યાં સારવાર મળે તે પહેલાં દંપતિ પૈકી પત્નિનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ સ્થાનીક પોલીસ સહિત દાહોદ જીલ્લા પોલીસ વડાને થતાં પોલીસ કાફલો મોટી મહુડી ગામે તેમજ ચાકલીયા પોલીસ મથકે પહોંચી ગયો હતો. પોલીસે સ્થળ તપાસ કરતાં સ્થળ પરથી દંપતિની મોટરસાઈકલ મળી આવી હતી. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધવાની તજવીજ સાથે આરોપીઓને પકડી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, પતિ હાલ પણ બેહોશ હાલતમાં છે. ઘટનાને પગલે મૃતક મહિલાના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

## વિશ્વ પર્યાવરણ દિવસ

# આકર્ષણનું કેન્દ્ર બનતું રાબડાળ આરોગ્ય વન : વનવિભાગ દ્વારા દુર્લભ - લુપ્ત થતી વનસ્પતિઓનું અહીં થઈ રહ્યું છે સંવર્ધન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં ૯ તાલુકા આવેલ છે. જે માં બારીયા વન વિભાગનો કુલ જંગલ વિસ્તાર ૮૧૫.૩૭ ચો.કિ.મી નો છે. જે બારીયા તાલુકામાં ૧૪૪.૮૬ ચો.કિ.મી,ધાનપુર-૧૨૭.૭૭ ચો.કિ.મી,દાહોદ-૧૨૩.૬૪ ચો.કિ.મી,ઝાલોદ-૯૪.૬૪ ચો.કિ.મી, ફતેપુરા-૪૦.૬૬ ચો.કિ.મી,સંજેલી-૬૧.૦૦ ચો.કિ.મી, ગરબાડા- ચો.કિ.મી, લીમખેડા-૧૦૮.૭૪ ચો.કિ.મી, સીંગવડ- ચો.કિ.મી, આમ કુલ : ૧૩ રેન્જ આવેલ છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં દીપડાની વસ્તિની દ્રષ્ટિએ દાહોદ જીલ્લો બીજા નંબર પર આવેલ છે. અને હાલમાં પણ દીપડાની વસ્તિમાં વધારો થતો રહેલ છે. જેથી બારીયા તાલુકામાં ઉચવાણ જંગલ સેર્વે નંબર : ૬૫ માં રેસ્કયુ કેર સેન્ટર ઊભું કરવામાં આવ્યુ છે.

વન વિભાગની રામપુરા રેન્જ જે દાહોદ શહેર નજીક રાબડાળ ખાતે આરોગ્ય વન નું ૪.૪૦ હેકટર વન વિસ્તારમાં નિર્માણ કરવામાં આવ્યુ છે. ઔષધિય બાબતે લોકોમાં જાગૃતા આવે તથા એલોપેથીક દવા મોંઘી તથા આડઅસર થતી હોય આર્યુવેદીક દવા સસ્તી તથા કોઈ આડ અસર ના થાય તેમજ લુપ્ત થયેલ જાતો જે લોકો આજ દિન સુધી ફક્ત નામ સાંભળેલ પરંતુ તે કેવા પ્રકારનું હોય તે જોયેલ ના હોય તે માટે ૬૧ અલગ-અલગ જાતોના કુલ ૩૧૧૧ ઔષધિય તથા શુસોભીત જાતો ના રોપા રોપેલ છે. તથા દરેક જાતનો મહિમા (દાવામાં ઉપયોગીતા) દર્શાવતા સાઈન બોર્ડ મુકેલ તથા રાશી વન તૈયાર કરવામાં આવેલ જેમાં કઈ રાશીને કયા વૃક્ષ (રોપા) દ્વારા ગ્રહ નડતર દુર કરી શકાય તે માટે વિગતે સંદેશો આપતા સાઈન બોર્ડ મુકવામાં આવ્યા છે.. આરોગ્ય વન ના સહેલાણીઓ માટે બેસવા માટે બાંકડા,વનકુટીર, તથા બાળકોને રમવા માટે ની સગવડ તથા વોકીંગ ટ્રેક, વિગેરે અનેક ઈવેન્ટ તૈયાર કરવામાં આવ્યા છે.. હાલમાં દાહોદ ગામના તથા આજુબાજુના વિસ્તારના લોકોના સમુહ આરોગ્યવન નિહાળવા આવી રહેલ છે.

વહીવટ તંત્ર દ્વારા I LOVE DAHOD ના સાઈન બોર્ડ એ હાઈવે રોડ ઉપર થી અવર-જવર કરતા લોકો માં ખુબજ આકર્ષણ જમાવેલ છે.

# ગરબાડાના છરછોડા ગામે દિપડાના હુમલામાં મૃતક મહિલાના પરિવારને ૫ લાખની સહાયનો ચેક અપાયો



દાહોદ,

તા. ૩૦/૫/૨૩ ના રોજ મોડી રાત્રે ગામ. છરછોડા તા.ગરબાડા રાજલીબેન ડામોર ઉ.વ.૭૦ મહિલા પર દીપડાએ હુમલો કર્યો હતો અને ત્યારબાદ તેણીનું મોત નીપજ્યું હતું. સરકાર ઠરાવ ની જોગવાઈ મુજબ મૃતકના પરિવારને ધારાસભ્ય, ગરબાડા મહેન્દ્રભાઈ ભાભોરના હસ્તે રૂપિયા ૫૦૦૦૦૦/- (રૂપિયા પાંચ લાખ પુરા) સહાયનો ચેક આજરોજ તા.૩.૬.૨૦૨૩ નારોજ આપવામાં આવ્યો. આ અવસરે ત ડીસીએફ (DCF)બારીયા વન વિભાગ આર.એમ.પરમાર, મદદનીશ વન સંરક્ષક (ACF)અભિષેક સામરિયા, RFO ગરબાડા એમ.એલ. બારીયા, ગામના સરપંચ, તાલુકા સભ્ય અને અન્ય ગામ ના આગેવાન, ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા. વનવિભાગે આ દીપડાને પકડવા માટે પાંજરા મુક્યા છે અને સ્ટાફ દ્વારા ગ્રામજનોને રાત્રે ઘરની બહાર ન સૂવું, હંમેશા સમૂહમાં બહાર નીકળવું, આસપાસની જગ્યા સ્વચ્છ રાખવા, ઘરની અજુ બાજુ અજવાળું રાખવું, સાંજના સમયે અને રાત્રે નાના છોકરાને બહાર એકલા ન મુકવા જેવા મુદ્દાઓ પર જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

# ગરબાડામાં પાણી મામલે હોબાળા બાદ પંચાયત સફાળું જાગી પાઈપ લાઈનની મેન્ટેનન્સ હાથ ધર્યું

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડામાં પ્રાણીના પ્રશ્નો મુદ્દે હોબાળાબાદ ગ્રામ પંચાયત એક્શનમાં પાઈપલાઈન ના મેન્ટેનન્સ બાદ નગરજનોને નિયમિત પાણી મળશે સરપંચ.

અસામાજીક તત્વો દ્વારા અવારનવાર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ કરવામાં આવતું હતું.

મળતી વિગતો અનુસાર ગઈકાલે થયેલા જે પાણીના પ્રશ્નના હોબાળા બાબતે ગરબાડા ગ્રામ પંચાયતના સરપંચ અશોકભાઈ રાઠોડ એ પ્રતિક્રિયા આપી હતી અને તેમને જણાવ્યું હતું કે જે ગરબાડાને આપવામાં આવતી પાણીની પાઈપલાઈનમાં અસામાજીક તત્વો દ્વારા અવારનવાર ભંગાણ કરવામાં આવે છે. જેના કારણે ગરબાડા નગરવાસીઓને પૂરતા પ્રમાણમાં પાણી આપી શકાતું નથી. જેનું આજે સમારકામ કરવામાં આવ્યું છે, જે સમારકામ પત્યા પછી ગરબાડા નગર વાસીઓને ફરીથી રાબેતા મુજબ પાણી આપવામાં આવશે અને હવે પછી અસામાજીક તત્વો દ્વારા આ મોણકો પાણીની પાઈપલાઈનમાં ભંગાણ કરવામાં આવશે તો તેઓ વિરોધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


આપત્તિ વખતે આપ્તજન બનીને સધિયારો અને સહકાર આપતી આપણી ભાજપાની સંવેદનશીલ રાજ્ય સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરૂં છું. ધાનપુર તાલુકાના લખણાગોજીયા ગામે મકાનને આકસ્મિક આગ લાગવાથી મૃત્યુ પામેલ બુચીબેન કીડીયાભાઈ નાયકના પરિવારજનો ને સહાય પેટે ૪,૦૦,૦૦૦ લાખનો ચેક અને પશુધનનું નુકસાન થતા સરકારી સહાય પેટે ૨૧,૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો.

# દાહોદના ચંદવાણા ગામે ૧૩ વર્ષ અગાઉ ભગાડી ગયેલ સગીરા સાથે મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી લગ્નની ના પાડતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ચંદવાણા ગામની સગીરાને આજથી તેર વર્ષ પહેલા દાહોદ, ઉકરડી રોડ, સુદામા નગર ખાતે રહેતા યુવાને લગ્ન કરવાની લાલચ આપી પોતાના મકાનમાં તેમજ ભાડાનું મકાન રાખી તથા જુદી જુદી જગ્યાએ હોટેલોમાં રૂમ રાખી તેણીની મરજી વિરૂધ્ધ સતત તેર વર્ષ સુધી અવાર નવાર શરીર સંબંધ બાંધી ગર્ભરતી બનાવી દીધા બાદ તે યુવાને લગ્ન કરવા માટે નન્નો ભણી દઈ ઠગાઈ કર્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના મુળ અનાસ ગામના વતની અને હાલ દાહોદના ઉકરડી રોડ, સુદામા નગર ખાતે રહેતા પ્રહલાદસિંહ ઉર્ફે રાહુલ દોલતભાઈ દાતલાએ દાહોદ તાલુકાના ચંદવાણા ગામે હનુમાન ફળિયામાં રહેતી અને બ્યુટી પાર્લરનો ધંધો કરતી ૨૫ વર્ષીય યુવતી તા. ૮-૭-૨૦૧૦ના રોજ આસરે ૧૨ વર્ષની ઉંમરનવી હતી. ત્યારે તેની સાથે પ્રેમ સંબંધ બાંધી લગ્નની લાલચ આપી સગીરા પુખ્ત વયની થઈ ગઈ ત્યા સુધી એટલે કે તા. ૧૫-૪-૨૦૨૩ સુધી એટલે કે તેર વર્ષ સુધી તેણીને પ્રહલાદસિંહ ઉર્ફે રાહુલ દાતલાએ ઉકરડી રોડ સુદામાં નગર ખાતેના પોતાના મકાનમાં તથા ભાડે મકાન રાખી ભાડાના તે મકાનમાં તેમજ જુદી જુદી જગ્યાએ હોટલોમાં રૂમ રાખી તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી દીધી હતી. પ્રહલાદ સિંહ ઉર્ફે રાહુલ દાલતાને તે યુવતી ગર્ભવતી બની હોવાનું જાણ થતાં તેને તે ગર્ભવતી યુવતી સાથે લગ્ન કરવાની સાફ ના પાડી દજેતા પોતાની સાથે દગો કરવામાં આવ્યો હોવાનું જણાઈ આવતા પીડીતાએ આ સંબંધે નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ બી ડીવીઝન પોલીસે અનાસ ગામના મુળ વતની અને હાલ દાહોદના ઉકરડી રોડ સુદામાં નગર ખાતે રહેતા પ્રહલાદસિંહ ઉર્ફે રાહુલ દોલતભાઈ દાતલા વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૭૬(૩), ૪૧૭ તથા પોકસો એક્ટ કલમ ૪,૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સજોઈ ખાતેથી પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી પાડ્યો, બુટલેગરોમાં ફફડાટ વ્યાપ્યો




દાહોદ,

ધાનપુર તાલુકાના સજોઈ ગામેથી મકાનમાંથી પોલીસે રૂ. ૪૪ હજાર ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો ધાનપુર PSIને ખાનગી રાહે બાતમી મળી હતી કે, સજોઈ ખાતે રહેતો આરોપી મુકેશ મોહનીયા પોતાના રહેણાંકમાં વિદેશી દારૂ ઉતાર્યો હોવાની બાતમી મળી હતી. પોલીસે બાતમીના આધારે રેડ પાડી પાડી હતી. રેડ દરમિયાન પોલીસે રહેણાંક મકાન માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની ટીન બિયર થતા ક્વાર્ટર કુલ બોટલ ૩૩૬ મળી કુલ કિંમત રૂપિયા ૪૪,૪૯૬ના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

# લીમખેડાના નીનામાના ખાખરીયા ગામે આકસ્મીક આગમાં મોબાઈલ અને ફુટવરેની દુકાનનો સામાન બળીને ખાખ થયો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના નીનામાના ખાખરીયા ગામે એક મકાનમાં આકસ્મિક આગ લાગતાં મકાનમાં મોબાઈલની તથા ફુટવેરની દુકાન કરી રાખી હતી તે મકાનો સંપુર્ણ સામાન બળીને રાખ થઈ જતાં આગમાં અંદાજે લાખ્ખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

લીમખેડા તાલુકાના ધાનપુર થઈ લીમખેડા રોડ પર આવેલ નીનામાના ખાખરીયા ગામે એક મકાનમાં જેમાં મોબાઈલ ફોન અને ફુટવેરની દુકાન કરી રાખી હતી જેમાં આજરોજ આકસ્મિક આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં વિકરાળ રૂપ ધારણ કરતાં મકાનમાં મુકી રાખેલ મોબાઈલ ફોનનો અને ફુટવેરનો સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરના લાશ્કરોને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીનો ભારે મારો ચલાવી આગ ઉપર ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં અંદાજે લાખ્ખોનું નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

# મધ્યપ્રદેશની મહિલાના પેટમાંથી 5.2 KG ની ગાંઠકાડી સફળ ઓપરેશન કરતા ગરબાડા ના તબીબો

દાહોદ,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા ખાતે આવેલ જા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા ડોક્ટર રાહુલ પરમાર દ્વારા ૧૮ વર્ષીય યુવતીના પેટ માંથી 5.2 KG ની અંડાશયની ગાંઠ ઓપરેશન કરીને સફળતાપૂર્વક કાઢવામાં આવી હતી. વાત કરીએ તો મધ્યપ્રદેશના ભાભરા ગામના કોરિયાપાણના રહેવાસી અને જામનગરના ધરોલ ખાતે મજૂરી કરી પોતાનું જીવન ગુજરાન કરતી ૧૮ વર્ષીય યુવતી ને છેલ્લા દસ-બાર મહિનાથી પેટમાં સતત દુખાવો થતો હતો. જે દુખાવાને લઈને યુવતી દ્વારા જામનગર ખાતે સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવી હતી, પરંતુ ચાર પાંચ દિવસની સારવાર બાદ ત્યાંના તબીબો દ્વારા દર્દીને બીજે સારવાર માટે લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. જેને લઈને દર્દીના પરિવારજનો દ્વારા ગરબાડા ખાતે આવેલ જા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે દર્દીને સારવાર માટે લાવવામાં આવ્યું હતું. જ્યાંના તબીબ ડોક્ટર રાહુલ પરમાર દ્વારા દર્દીને રિપોર્ટ કરવામાં આવ્યા હતા જ્યાં દર્દીને પેટમાં અંડાશયમાં ગાંઠ હોવાનું જાણવા મળ્યું હતું જે અંડાશયની ગાંઠનું જા હોસ્પિટલ ખાતે ડોક્ટર રાહુલ પરમાર દ્વારા સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું અને 5.2 KG વજન ધરાવતી ગાંઠ બહાર કાઢવામાં આવી હતી અને હાલ દર્દીની તબિયતમાં સુધારો જોવા મળી રહ્યો છે.આમ, ગરબાડા તાલુકાના જા હોસ્પિટલ ખાતે ૧૮ વર્ષીય યુવતીના પેટમાંથી 5.2KGની અંડાશયની ગાંઠ નું ઓપરેશન કરીને દર્દીને નવજીવન આપ્યું હતું.

# ધાનપુર ખાતે અદ્યતન નવીન સ્ટેશન સુવિધા ઉપલબ્ધ થતાં પ્રજાજનો ખુશખુશાલ



દાહોદ,

પ્રજાજનોના અવર-જવર તેમજ ધંધા-રોજગાર માટે વાહનવ્યવહાર મુખ્ય અભિન્ન અંગ છે, ત્યારે આદિવાસી બાહુબલ્ય ધરાવતા ધાનપુર તાલુકા મથક ખાતે રૂ.૧૫૫.૩૭ લાખના ખર્ચે આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચ્ચર વાળુ સુવિધા યુક્ત નિર્માણ થયેલ નવીન બસ સ્ટેશન ઉપલબ્ધ થતાં મુસાફરોમાં ખુશીની લહેર.

દાહોદ જીલ્લાના ધાનપરૂ ખાતે નવીન બસ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ થતાં મુસાફર પાસની સુવિધા,વિદ્યાર્થી રાહતદરના પાસ, મુસાફરો માટે રીઝર્વેશન ટીકીટ, મુસાફરો તેમજ વિદ્યાર્થીઓને દુરના સ્થળે જવા માટે સવલત ઉપરાંત અન્ય જીલ્લામાંથી બસના કનેકશન વધશે જેના કારણે આ જીલ્લાના મુસાફર અને મજુરીયાત વર્ગને સીધી સગવડ મળી રેહશે. નવીન બસ સ્ટેશન બનવાના કારણે આસપાસના વિસ્તારના વિકાસમાં ગતિશિલતા આવશે અને ધાનપુરથી ગુજરાતના કોઈપણ સ્થળે પાર્સલ મોકલવાની તથા મેળવવાની સુવિધા થશે.

રાજ્ય સરકાર દ્વારા દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકા મથકે નવિન બસ સ્ટેશનની સગવડ મળતાં પ્રજાજનોમાં આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

# દાહોદ યુવાન વેપારીના નગ્ન વિડીયો બનાવી અજાણી સ્ત્રી દ્વારા સોશીયલ મીડીયા વાયરલ કરવાની ધમકી આપી ૧૫ હજાર પડાવ્યા

દાહોદ,

દાહોદના ૨૮ વર્ષીય એક યુવાન વેપારીના નગ્ન વીડીયો બનાવી કોઈ અજાણી સ્ત્રીએ સોશ્યલ ચેટીંગ એપ્લીકેશન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ડ ઉપર આઈડી બનાવી તે વિડિયો સોશ્યલ મિડિયા પર વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૫૦ હજારની માંગમી કરી રૂા. ૧૫,૦૦૦/- ગુગલ પે મારફતે મંગાવી બ્લેકમેલ કર્યાનું જાણવા મળ્યું છે. ગત તા. ૨૯-૧-૨૦૨૩ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે એક અજાણી મહિલાએ દાહોદ ગોદીરોડ મિશન હોસ્પિટલ પાસે બુરહાની બાગમાં રહેતા ૨૮ વર્ષીય વેપારી મુસ્તુફાભાઈ મઝહરભાઈ નગદીના નગ્ન વિડિયો બનાવી સોશ્યલ મિડિયા ચેટીંગ એપ્લેકેશન ઈન્સ્ટ્રાગામ એકાઉન્ડ ઉપર આઈ.ડી. બનાવી તે વિડિયો સોશીયલ મિડિયા ઉપર મૂકી વાયરલ કરવાની ધમકી આપી રૂા. ૫૦,૦૦૦ની માંગણી કરી હતી અને રૂા. ૧૫,૦૦૦ મુસ્તુફાભાઈ પાસેથી ગુગલ પે મારફતે મંગાવી બ્લેકમેઈલ કર્યા હતા અને ત્યારબાદ અવાર નવાર વધુ રૂપિયા પડાવવાની દાનતથી નગ્ન ફોટા સોશીયલ મિડિયામાં વાયરલ કરવાની ધમકી આપતો હોઈ આ સંબંધે બ્લેકમેલીંગનો ભોગ બનેલ વેપારી મુસ્તુફાભાઈ મઝહરભાઈ નગદીએ દાહોદ બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના યુવાન સોશ્યલ મીડીયામાં ન્યુડ ફોટો વાયરલ પ્રકરણમાં અજાણી મહિલાએ ૩૧,૬૫૦/-રૂપીયા ઓનલાઈન પડાવ્યા

દાહોદ,

દાહોદમાં વધુ એક યુવના સોશીયલ મીડીયામાં ન્યુડ ફોટો વાઈરલ પ્રકરણમાં અજાણી સ્ત્રી દ્વારા રૂપીયા પડાવી લેવાનો શિકાર બન્યો છે. જેમાં અજાણી સ્ત્રી દ્વારા યુવાનના ન્યુડ ફોટો સોશીયલ મીડીયામાં વાઈરલ કરવાની ધમકી આપી રૂા. ૩૧,૬૫૦ ઓનલાઈન પડાવી લેતાં યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળે છે. દાહોદ શહેરમાં ક્રોળીવાડ ગૌશાળા સામે રહેતાં અને પાન કોર્નલનો ધંધો કરતાં ૩૨ વર્ષીય બાબુભાઈ ઉકારભાઈ પરમાર સાથે ગત તા.૦૯.૦૪.૨૦૨૩ના રોજ કોઈ અજાણી સ્ત્રીએ સોશિયલ ચેટીંગ એપ્લીકેશન વ્હોટ્સ એપ ઉપર આઈ.ડી. બનાવી હતી અને બાબુભાઈના ન્યુડ વીડીયો બનાવી સોશીયલ મીડીયા પર મુકી વાઈરલ કરવાની ધમકી આપી હતી અને બાબુભાઈ પાસેથી રૂા. ૩૧,૬૫૦ ફોન પે મારફતે મંગાવી લઈ ઓનલાઈન ફ્રોડ કરતાં આ સંબંધે બાબુભાઈ ઉકારભાઈ પરમારે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ત્રિવેણી સંગમ પાર્ક સોસાયટીમાં ત્રાટકેલ ચોર ઈસમો દ્વારા મેકસ પીકઅપ અને જનરેટરની ચોરી કરી

દાહોદ,

દાહોદમાં ત્રિવેણી એપાર્ટમેન્ટ પાસે સંગમ પાર્ક સોસાયટીમાં રાત્રીના સમયે ત્રાટકેલ ચોર ટોળકી મહીન્દ્રા કંપનીની મેક્સ પીકપ ગાડી તતા કિલોસ્કરનું જનરેટર મળી કુલ રૂા.૩.૬૦ લાખની મત્તા ચોરીને લઈ ગયાનું જાણવા મળ્યું છે. કઠલા ગામના ગામતળ ફળિયાના મુળ રહેવાસી અને હાલ ત્રિવેણી એપાર્ટમેન્ટ, પાસે સલંગન પાર્ક સોસાયટીમાં રહેતા નિલેશકુમાર છત્રસિંહ બામણીયાની તેમના ઘરના આંગણામાં મૂકેલ વર્ષ ૨૦૦૬ના મોડલની જીજે-૨૦ ટી-૪૮૬૬ નંબરની મહિન્દ્રા કંપનીની મેક્સ પીકપ ગાડી તથા રૂા. ૨ લાખની કિંમતનું કિર્લોસ્કર આઈગ્રીન ડીજી સેર કંપનીનું જનરેટર મળી કુલ રૂા. ૩,૬૦,૦૦૦ની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ત્રિવેણી એપાર્ટમેન્ટ પાસે, સંગમ પાર્ક સોસાયટીમાં રહેતા નિલેશકુમાર છત્રસિંહ બામણે નોંધાવેલ ફરિયાદને આધારે બીડીવીઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.242

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
**પંચમહાલ સમાચાર**

# પંચમહાલ જીલ્લામાં વહેલી સવારે ફુંકાયેલ વાવાઝોડામાં ઝાડો તેમજ વીજ થાંભલા ધરાશાહી થયા





ગોધરા, પંચમહાલ જીલ્લમાં વહેલી સવારે અચાનક વાતારવણમાં આવેલ પલ્ટા સાથે ભારે પવન સાથે વાવાઝોડું ફુંકાતા ગોધરા શહેર સહિત જીલ્લામાં મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યું છે. ઠેરઠેર ઝાડ પડવા તેમજ વીજ પોલ પડી જવાના બનાવો સામે આવ્યા. ફુંકાયેલ વાવાઝોડાના કારણે લાઈટો સદ્ંતર ડુલ થઈ જવા પામી હતી. ગોધરા તાલુકાના છારીયા ગામે છાપરાનું પતરૂ ઉડીને. વાગતાં એક વ્યકિતને ગંભીર ઈજાઓ થવા પામી છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં વહેલી સવારે

## ગોધરા શહેરમાં ઝાડો પડવાથી વાહન વ્યવહાર ઠપ થયો હતો

ગોધરા તાલુકાના છારીયા ગામે વહેલી સવારે ફુંકાયેલ ભારે વાવાઝોડાથી મકાનના પતરા ઉડતા એક વ્યકિતને પતરાથી ઈજાઓ થવા પામી હતી.

કાલોલ તાલુકાના શામળદેવી, ખરસાલીયા અને દેવીપુરા ગામમાં ભારે પવન સાથે ફુંકાયેલ વાવાઝોડામાં પતરા ઉડી જતાં ઘરોમાં ભારે નુકશાન થવા પામ્યું છે.

હવામાન વિભાગની જાહેરાત મુજબ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. કાળા ટીંબાગા વાદળો સાથે ભારે પવન સાથે વાવાઝોડું ફુંકાયુ હતું. વાવાઝોડાના કારણે ગોધરા શહેરના જીલ્લા કલેકટર કચેરી રોડ ઉપર આર.ટી.ઓ. સર્કલ સુધી અનેક ઝાડ મુળ સાથે રોડ ઉપર પડવાના બનાવો સામે આવ્યા સાથે બગીચા રોડ ઉપર મારૂતી ગેસ્ટ હાઉસ પાછળના ભાગે વીજ થાંભલા પડી ગયા હતા. જીલ્લામાં વહેલી સવારે ફુંકાયેલ વાવાઝોડાએ ભારે તારાજી સર્જી હતી. જીલ્લામાં ઝાડો પડવાના તેમજ વીજ થાંભલા નમી જવાના અનેક કિસ્સાઓ બનવા પામ્યા હતા. ભારે પવન સાથે ફુંકાયેલા વાવાઝોડાને લઈ લાઈટો ડુલ થઈ ગઈ હતી. વીજ વિભાગના કર્મીઓ વીજ લાઈન પુર્ણ કરવા ભારે જહેમત ઉઠાવી હતી. જીલ્લા સહિત ગોધરામાં માર્ગો ઉપર પડેલ વૃક્ષો હટાવીને રસ્તાઓ પૂર્વવ્રત કરવા માટે તંત્રને ભારે જહેમત ઉઠાવી પડી હતી.

જીલ્લામાં ગોધરા તાલુકાના કાંકણપુર, કાલોલના શામળદેદી મલાવ હાલોલ-બોડેલી રોડ તેમજ ઘોઘંબા-બારીયા રોડ ઉપર અસંખ્ય વૃક્ષો પડવા તેમજ વીજ થાંભલાઓ ધરાશાહી થતાં મોટાભાગના રસ્તાઓ ઉપર વાહન વ્યવહારોને ભારે અસર થઈ હતી. ભારે પવન સાથે ફુંકાયેલ વાવાઝોડામાં કાલોલના શામળદેવી ગામમાં ૧૫ જેટલા મકાનોના પતરા ઉડીને ખેતરોમાં પડયા હતા. વાવાઝોડામાં અત્યાર સુધી જીલ્લામાં કોઈ જાનહાનિનો બનાવ સામે આવ્યો નથી.

## શહેરા તાલુકામાં અષાઢી બીજ પહેલા મેઘો મહેરબાન થતા ચોમાસાની ઋતુ જેવો માહોલ સર્જાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા નગર અને તાલુકામાં રવિવારની સવારથી તાલુકા વાસીઓને ચોમાસાની ઋતુ જેવો માહોલનો અહેસાસ થયો હતો. અષાઢી બીજ પહેલા મેઘો મહેરબાન થતા અણીયાદ ચોકડી પાસે પસાર થતા હાઈવે ઉપર બે ફૂટ કરતા વધુ પાણી ભરાઈ જતા પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલી જવા સાથે વાહન ચાલકો હેરાન પરેશાન થયા હતા.

શહેરા તાલુકા પંથકમાં રવિવારની વહેલી સવારથી તાલુકા વાસીઓને ચોમાસાની ઋતુ જેવો માહોલનો અહેસાસ થયો હતો. કાળા ડિંબાગ વાદળો વચ્ચે અને વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા રસ્તા પર નદીની જેમ પાણી વહેતું થયું હતું. જોકે, વાતાવરણમાં બદલાવ આવવા સાથે અષાઢી બીજ પહેલા મેઘો મહેરબાન થતા બફરા અને ઉકળાટ ભર્યા વાતાવરણમાંથી પ્રજાજનોને મુક્તિ મળવા સાથે ગરમીમાં રાહત થઈ હતી. જ્યારે અણીયાદ ચોકડી વિસ્તાર માંથી પસાર થતાં દિલ્હી બોમ્બે હાઈવે ઉપર વરસાદી પાણી ભરાઈ જતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી હતી. સતત વાહનોની અવરજવાળા આ હાઈવે માર્ગ ઉપર બે ફૂટ કરતા વધુ પાણી ભરાઈ જતા સંબંધિત તંત્રની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ ખુલી ગઈ હતી. માર્ગ ઉપર અમુક વાહનોમાં પાણી ભરાઈ જવાના કારણે બંધ થઈ જતા વાહન ચાલકનો છૂપો આક્રોશ પણ સંબંધિત તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. ભારે પવન સાથે આવેલા વરસાદના કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાસાઈ થઈ જવા સાથે વીજ પોલ પણ અમુક જગ્યાએ નમી ગયા હતા. વરસાદના આગમનના પગલે વીજળી પણ ગુલ થઈ જતા લોકોને અંધારામાં રહેવાનો વાળો આવ્યો હતો. રવિવારના દિવસ દરમિયાન વાતાવરણમાં ઠંડક હોવા સાથે ચોમાસાની ઋતુ જેવો માહોલ સર્જાયો હતો.

## પાવાગઢ યાત્રાધામ ખાતે રવિવારે માતાજીના દર્શન માટે હજારો માઈ ભકતો ભારે પવન અને વરસાદમાં અટવાયા



પાવાગઢ, પંચમહાલ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આજે રવિવારના દિવસે મહાકાળી માતાજીના દર્શન કરવા માટે આવેલા હજારો શ્રદ્ધાળું ભક્તો ભારે પવન અને ગાજવીજ સાથે વરસેલા વરસાદમાં અટવાયા હતા. શ્રદ્ધાળુ ભક્તોની ભારે ભીડને કારણે માચી ખાતે વાહનોની લાંબી કતારો લાગી જતા તળેટીમાંથી માચી જતા દર્શનાર્થી ભક્તોના વાહનો પોલીસે અટકાવી દીધા હતા. વાવાઝોડાને કારણે સુવિધા બંધ કરી દેવામાં આવતા શ્રદ્ધાળુ ભક્તોએ મહાકાળી માતાના દર્શને માચીથી મંદિર સુધી ચાલતા જવું પડ્યું હતું. આજે વહેલી સવારે દક્ષિણ પંચમહાલમાં વાતાવરણ બદલાતા

### ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ કરાઈ

અચાનક ગાજવીજ સાથે અને ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આજે રવિવારના દિવસે હજારો શ્રદ્ધાળુ ભક્તોની ભીડ જોવા મળી હતી. જોકે, માચી પહોંચેલા યાત્રાળુઓને રોપવે સુવિધા બંધ હોવાથી પગથિયાં ચડીને મંદિર સુધી જવું પડ્યું હતું. વહેલી સવારથી વાહનો ઉપર પાર્ક થઈ જતા માચી ખાતે આવેલું પાર્કિંગ હાઉસફુલ થઈ ગયું હતું. પાવાગઢ તરફના રોડ ઉપર વાહનોની કતારો લાગી હતી. વહેલી સવારે શરૂ કરવામાં આવેલી રોપવે સુવિધા વાવાઝોડાને કારણે બંધ કરી દેવાની ફરજ પડી હતી. જે બપોરે ૧:૦૦ વાગ્યા સુધી રોપવે સુવિધા શરૂ ન કરાતા અનેક યાત્રાળુઓ પગપાળા માતાજીના દર્શને પહોંચ્યા હતા. જોકે બપોરે ૧૨:૩૦ કલાક પછી માચી ખાતેનો ટ્રાફિક હળવો થતા તળેટીમાં રોકવામાં આવેલા યાત્રાળુઓને વાહનો સાથે પુનઃ ઉપર જવા દેવામાં આવ્યા હતા. પાવાગઢ માચી અને ડુંગર ઉપર સવારે આવેલા ભયાનક વાવાઝોડામાં ઉષા બ્રેકોની રોપવે વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું સાંભળવા મળ્યં છે. જેના કારણે વ્યવસ્થા બંધ કરી દેવાની ફરજ પડી છે. જોકે, ઉષા બ્રેકો રોપવે સુવિધા ક્યારે કાર્યરત થશે અને કેટલું નુકસાન થયું છે. તે અંગે પૂછપરછ કરવા માટે તેના મેનેજર સાથે વાત કરવાનો પ્રયત્ન કરતા વારંવાર ટેલીફોન કરવા છતાં મેનેજર દ્વારા ફોન રિસીવ કરવામાં આવ્યો નથી. હાલ બપોરે બે વાગ્યા સુધી પણ રોપવે સુવિધા પુનઃ કાર્યરત કરવામાં આવી નથી. જેથી તમામ યાત્રાળુઓ પગપાળા મંદિર પહોંચી રહ્યા છે.

## ગોધરાના ભિલોડીયા પ્લોટમાં ગેરકાયદેસર ગેસ રીફલીંગ સ્થળે રેઈડ કરી ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો



ગોધરા, ગોધરા શહેરના ભિલોડીયા પ્લોટ ખાતે મકાનમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રીફલીંગ સ્થળે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨૬ ગેસ સિલિન્ડર તેમજ ગેસ રીફલીંગના સામાન મળી ૧ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના ભિલોડીયા પ્લોટ ખાતે રહેતા જાવેદ મહોમદ સમોલ નામના ઈસમ પોતાના ઘરમાં ગેરકાયદેસર ગેસ રીફલીંગની કામગીરી કતા હોય અને પોતાની તેમજ અન્ય લોકોની જીંદગી જોખમમાં મૂકે તેવું કૃત્ય કરતો હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી અને ઘર માંથી ખાલી અન ભરેલી નાની મોટી એલ.પી.જી. ગેસની બોટલો નંગ-૨૬ કિંમત ૫૯,૪૦૦/-રૂપીયા વજન કાંટા, ઈલેકટ્રીક મોટર વાલ્વવાળી પાઈપ રોકડા ૨૬,૧૩૦/-રૂપીયા મળી ૧,૦૬,૬૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં પામી છે.

## ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારને ધમરોળતું વાવાઝોડું : ભારે નુકશાનનો અંદાજ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

નદીસર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્ય ના અનેક વિસ્તારો સાથે ગોધરા તાલુકા ના પશ્ચિમી ગામો નદીસર, જુનીધરી, ટીંબા,રતનપુર, કાંકણપુર પંથકમાં સવારે સાત વાગ્યા સુધી તડકો હતો. જયારે ફકત અડધો કલાકમાં વાતાવરણમાં એકદમ પલ્ટો આવ્યો હતો અને થોડીવારમાં સમગ્ર વિસ્તારને કાળા ડીબાંગ વાદળોએ બાનમાં લીધો હતો. જોતા જોતામાં સમગ્ર વિસ્તારમાં અતિભારે પવન અને ભયાનક વીજ કડાકા સાથે વરસાદનું આગમન થયું હતું. એટલે સ્પીડમાં પવન હતો જેના કારણે સમગ્ર પંથક ઠેર ઠેર વૃક્ષો પડવાના બનાવો બન્યા હતા. નદીસર ગામના તળાવ પાસે આશરે બસ્સો વર્ષ જૂનુંપીપળાનુંઝાડ ધરાશાયી થતાં નદીસર છાપરિયા રોડ બંધ થઈ ગયો હતો. તદ્દઉપરાંત ઠેર ઠેર પાણી ભરાવાની ફરિયાદો ઉઠવા પામી હતી. નદીસર સહિત આસપાસના વિસ્તારોમાં ભારે પવન ના કારણે એમ.જી.વી.સી. એલના વીજ થાંભલા તેમજ તાર તૂટી જવાની ઘટનાઓ બની હતી. જ્યારે સમગ્ર પંથકમાં સેક્ડો ખેડૂતોનો બાજરી, તલ તેમજ ઘાસચારો બહાર ખુલ્લામાં કાપેલો પડ્યો હોય તેમા લાખો રૂપિયાના નુકશાનનો અંદાજ લગાવવામાં આવે છે. આ તરફ મળતી વિગતો મુજબ કેરીના પાકને પણ ભારે નુક્શાનનો અંદાજ છે. ભારે પવનના કારણે દશ થી પંદર મકાનોના પતરા ઉડ્યા હતા અને ગ્રામ્ય વિસ્તારોમાં એક રીતે ભયનો માહોલ ફેલાયો હતો. જોકે, આ અંગે હજુ કોઈ વ્યક્તિને નુક્શાનના સમાચાર નથી.

## શહેરાના બલુજીના મુવાડા ગામે ખેતરમાં વાવેતર કરેલ ૬૬.૫૩ કિલો ગ્રામ લીલા ગાંજા સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો



શહેરા, શહેરા તાલુકાના બલુજીના મુવાડા ગામ ખાતે આવેલ એક ખેતર માંથી લીલા ગાંજાના ૩૫૪ જેટલા છોડ જીલ્લા એસ.ઓ.જી. પોલીસને મળી આવ્યા હતા. ખેતર માંથી ૬૬.૫૩ કિલોગ્રામ લીલો ગાંજો સાથે રૂપિયા ૬,૬૫,૩૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈને ખેડૂત સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પંચમહાલ એસ.ઓ.જી. પી.આઈ. રાકેશ પટેલને ખાનગીરાહે બાતમી મળી હતી કે, શહેરા તાલુકાના બલુજીના મુવાડા ગામે આવેલા ખોખરવા ફળિયામાં રહેતો ફુલાભાઈ હુકાભાઈ નાયકા તેના માલિકીના ખેતરમાં વનસ્પતિજન્ય લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલું છે. આથી એસ.ઓ.જી.પી.આઈ, આર.એ. પટેલ, પો.સ.ઈ રવિન્દ્ર પટેલ અને કે.એમ.રાઠોડ તેમજ સ્ટાફ કર્મીઓ સાથે બાતમીવાળી જગ્યાએ જઈ બાતમીવાળી ખેતરમાં વનસ્પતિજન્ય લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. જેને લઈ ફુલાભાઈ હુકાભાઈ નાયકાને સાથે રાખી ખેતરમાં તપાસ કરતા ૩૫૪ જેટલા ગાંજાના છોડ જેનું વજન ૬૬.૫૩ કિલોગ્રામ કી.રૂ.૬ લાખ ૬૫ હજાર ૩૦૦ મળી આવ્યા હતા. ત્યારબાદ એફ.એસ.એલ.ની મદદ લેતા એફ.એસ.એલના અધિકારી દ્વારા લીલા ગાંજાના છોડ હોવાનું ખરાઈ કર્યા બાદ વનસ્પતિજન્ય લીલા ગાંજાનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો. હાલ એસ.ઓ.જી. પોલીસ દ્વારા ફુલાભાઈ હુકાભાઈ નાયકાને હસ્તગત કરી શહેરા પોલીસને સોંપવામાં આવતા કોવિડ-૧૯ ની માર્ગદર્શિકા મુજબ તેનો ટેસ્ટ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદે વનસ્પતિજન્ય લીલા ગાંજાનું ઉત્પાદન અથવા તો એમ કહી શકાય કે તેની ખેતી માટેનું એ.પી. સેન્ટર શહેરા તાલુકામાં આવેલા વિવિધ ગામો બની રહ્યા હોય તેમજ થોડા દિવસો પહેલા તાલુકાનાં બોરીયા ગામના ગરાડીયા ફળિયામાં નિવૃત બસ કંડકટર ખેતરમાં ગેરકાયદે વનસ્પતિ જન્ય લીલા ગાંજાના છોડની ખેતી કરતા ઝડપાઈ જવા પામ્યો હતો. ત્યારે ફરી એક વખત જીલ્લા એસ.ઓ.જી. પોલીસે બલુજીના મુવાડા ગામના ખેડૂતને પ્રતિબંધિત લીલા ગાંજાની છોડની ખેતી કરતા પકડી પાડતા તાલુકા પંથકના અમુક ખેડૂતો વધુ રૂપિયા કમાવાની લાલચે છુપી રીતે ગાંજાની ખેતી તરફ વળ્યા હોય તેમ કહીએ તો નવાઈ નહી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ડામોર હરિસિંહ મયુરભાઈ
તરફથી અભીનંદન....
મુ. પાણીની ટાંકી પાસે,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પટેલ ચેમાભાઈ ગલાભાઈ
તરફથી અભીનંદન....
મુ. મેઘામુવાડી,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
પરમાર હંસાબેન જેઠાભાઈ
તરફથી અભીનંદન....
મુ. પીપલોદ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

## જીંજરી ગામે વાવાઝોડાના પવનથી દીવો પડતા કરિયાણાની દુકાન બળીને રાખ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના જીંજરી ગામે આજરોજ વાવાઝોડું આવ્યું હતું અને વીજળી ડૂલ થઈ હતી. જેમાં જીંજરીમાં અનાજ કરિયાણાની દુકાન ચલાવતા લદ્દુભાઈ વીરાભાઈ બારીયા એ તેલનો દિવસ સળગાવ્યો હતો પરંતુ પવનના કારણે તેલનો દીવો ઊંધો પડતા કરિયાણાની દુકાનમાં આગ લાગી હતી પવનના કારણે આગે વિકરાલ સ્વરૂપ ધારણ કરતા જોત જોતા માં આખી દુકાનને પોતાના લપેટામાં લેતા દુકાન બળીને રાખ થઈ ગઈ હતી જેમાં વ્યાપારીને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. ગ્રામજનો હાથવાળા સાધન વડે આગ હોલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ તે પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.